ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web:kskvku.digitaluniversity.ac

રેફ.નં.: કયુ/ ઈ.સી.–મિનીટ્સ/ ૨૦૨૪/૨૩૦

તા:–૦૬/૦૨/૨૦૨૪

પ્રતિશ્રી,

તમામ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય :–** એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૦૬/૦૨/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, એકિઝકયુટીવ કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૬/૦૨/૨૦૨૪ મંગળવારના રોજ ૧૨:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મીનીટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– તા.૦૬/૦૨/૨૦૨૪ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ

નકલ રવાના જાણ અર્થે:–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. કુલસચિવશ્રીના કાર્યાલય તરફ
૨. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૩. સંબંધિત ફાઈલે.

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

તા.૦૬/૦૨/૨૦૨૪ મંગળવારના રોજ ૧૨:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનીટ્સ નોંધ

આજ રોજ તા.૦૬/૦૨/૨૦૨૪ ના ૧૨:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો.(ડૉ) ડી.એમ. બકરાણીયા<br>માનનીય કા.કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ<br>એન્ડ મેડિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૫. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | ગેર હાજર |
| ૬. | **ખાલી**<br>ડીનશ્રી, .............<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | – |
| ૭. | ડૉ. સી. એસ. ઝાલા<br>આચાર્યશ્રી,<br>આર. આર. લાલન કોલેજ,ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. પરેશ રાવલ<br>આચાર્યશ્રી,<br>સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,રાપર | સભ્યશ્રી | હાજર |
| ૯. | પ્રો.(ડૉ) દર્શનાબેન ધોળકિયા<br>પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | ડૉ. કાશ્મીરાબેન મહેતા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૨. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૩. | ડૉ. તેજલકુમાર શેઠ<br>કા. કુલસચિવશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર સેક્રેટરી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૩૦/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબત

**ઠરાવ:૧** **એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૩૦/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા ઠરાવ નં.૭ માં વધુ સ્પષ્ટીકરણ સાથે સરકારશ્રીમાં ફરી પત્ર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૨. યુનિવર્સિટીના ૧૩માં પદવીદાન સમારોહમાં એનાયત કરવાની થતી પદવીઓ બહાલ રાખવા બાબત

**ઠરાવ:૨** **અંદાજીત ૬૫૦૭ પદવીઓ ઉપરાંત સુધારાની પદવીઓ યુનિવર્સિટીના ૧૩માં પદવીદાન સમારોહમાં એનાયત કરવા સર્વાનુમતે આથી ઠરાવવામાં આવે છે.**

૩. યુનિવર્સિટીના ૧૩માં પદવીદાન સમારોહ તા.૧૯/૦૨/૨૦૨૪ના રોજ યોજાનાર છે. સમારોહના આયોજન તથા અન્ય વ્યવસ્થાઓ બાબતે ચર્ચા–વિચારણા.

**ઠરાવ:૩** **૧. યુનિવર્સિટીના ૧૩માં પદવીદાન સમારોહના આયોજન માટેનું સ્થળ તરીકે આપણી સંલગ્ન કોલેજ શ્રી મુકતજીવન મહિલા કોલેજ,ભૂજ મધ્યે યોજીએ.**

**૨. યુનિવર્સિટીના ૧૩માં પદવીદાન સમારોહમાં બીજ વકતવ્ય માટે શ્રી વસંતભાઈ એસ. ગઢવી, રીટાયર્ડ IAS અધિકારીશ્રી તથા લેખકને આમંત્રીત કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવે છે.**

**૩. નાણાંકીય તથા કાર્યક્રમની વ્યવસ્થાના ભાગરૂપ નીચે મુજબના સભ્યશ્રીઓની હાઈપાવર કમિટીની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**– ડૉ. કાશ્મીરાબેન મહેતા**

**– ડૉ. ગીરીન બક્ષી**

**– ડૉ. હીનાબેન ગંગર**

૪. ડૉ. જી.એમ. બુટાણી, કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટીના તા.૦૫/૦૨/૨૦૨૪ના પત્રથી આપવામાં આવેલ ફરજ મુકિતની અરજી સંદર્ભે ચર્ચા–વિચારણા તથા આગળની કાર્યવાહિના નિર્ણય અર્થે.

ઠરાવઃ ૪ **ડૉ. જી.એમ. બુટાણી, કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટીના તા.૦૫/૦૨/૨૦૨૪ના પત્રથી આપવામાં આવેલ ફરજ મુકિતની અરજી સંદર્ભે પુખ્ત ચર્ચાને અંતે ફરજ મુકિતની અરજી સ્વિકારી આગળની કાર્યવાહિ કરવા સર્વાનુમતે ભલામણ કરવામાં આવે છે.**

૫. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧. વિષયો પર ગોલ્ડ મેડલ મેળવવા બાબત.

ઠરાવઃ૫ **જે વિષયો પર ગોલ્ડ મેડલના દાતાશ્રીઓ હાલમાં નથી તે તમામ વિષયોમાં દાતાશ્રીઓની કાયમી ગોલ્ડ મેડલ આપવાની રજૂઆત મળે તો ગોલ્ડ મેડલ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આ ઉપરાંત એક વર્ષ કે અમુક વર્ષ માટે દાતાશ્રીઓ દ્વારા હાલમાં જે વિષયમાં ગોલ્ડ મેડલના દાતાશ્રીઓ નથી તે વિષયોમાં રજૂઆત આવે તો તે અંગેનો નિર્ણય માનનીય કુલપતિશ્રીને લેવા માટેનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**બેઠક દરમ્યાન ઈ.સી. સભ્યશ્રી પ્રો.(ડૉ.) દર્શનાબેન ધોળકિયા દ્વારા એમ.એ.(ગુજરાતી– વિષય) માટે ગોલ્ડ મેડલ આપવાની રજૂઆતને સહર્ષ સર્વાનુમતે ગ્રાહય રાખવામાં આવી.**

૨. તા.૦૩/૦૨/૨૦૨૪ ના રોજ ડીનશ્રી તથા અધ્યક્ષશ્રીઓની મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણયો બાબત.

ઠરાવઃ ૬ **તા.૦૩/૦૨/૨૦૨૪ ના રોજ ડીનશ્રી તથા અધ્યક્ષશ્રીઓની મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણયોને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ